**અનુસુચિત જાતિઓ પૈકી અતિપછાતજાતિઓ નકકી કરવા બાબત.**

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાક:અપજ–૧૦૨૦૦૨–૧૦૫૦– છ
સચિવાલય,ગાધીનગર.
તારીખ:૧૫/૧૨/૨૦૦૪

**વંચાણે લીધા:**

નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ ગુજરાત રાજ્ય,ગાધીનગરનો તા: ૨૨– ૧– ૨૦૦૩ નો પત્રક્રમાક: અજાક–મ–૭–૨૦૦૩/૬૬૩

**ઠરાવ:**

કેન્દ્ર સરકાર દવારા અનુસુચિતઓ/જનજાતિ સુધારા અધિનિયમ ૧૯૭૬ હેઠળ બહાર પાડવામા આવેલ ગુજરાતને લગતી અનુસુચિત જાતિની યાદીમાં અનુસુચિત જાતિઓ પૈકી અનુસુચિત જાતિના બાવા,વણકર સાધુ,વાલ્મિકી, ભંગી, મહેતર,ઓળગણા, રુખી, મલકાણા, હલાલખોર, લાલબેગી, કોરાર, ઝાડમલ્લી, ગરો, ગરોડા, નાડીયા, હાડી, સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, તુરી, તુરી-બારોટ,ઢેઢ બારોટ,તીરગર, તીરબંદા, થોરી,માતંગ જાતિઓને અતિપછાત જાતિમાં ગણવા અગેની રજુઆતો સરકારમાં મળેલ હતી તેમની રજુઆતો પરત્વે નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણના અહેવાલ/અભિપ્રાય તેમજ આદિવાસી સશોધન અને તાલીમકેન્દ્ર,ગુજરાત વિદ્યાપીઠ,અમદાવાદ દવારા બહાર પાડેલ. "ગુજરાતની અતિ-પછાત અનુસુચિત જાતિઓનો સંક્ષિપ્ત પરિચય" પુસ્તિકાને વંચાણે લેતાં ઉકત જાતિઓને અતિપછાત જાતિ તરીકે ગણવા સંદર્ભમાં દર્શાવેલ નિયામકશ્રીના તા:૨૨–૧–૦૩ ના પત્રથી કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

આ જાતિઓના તલસ્પર્શી અભ્યાસ પરથી જોતાં જણાય છે કે આ લોકોનો સમગ્ર વ્યવહાર અનુસુચિત જાતિઓ સાથે જ હોય અને તેઓની સામાજીક,શૈક્ષણિક તથા આર્થિક પરિસ્થિતિ ખુબજ નબળી હોઈ તેમના સર્વાંગી વિકાસ માટે આ જાતિઓને અતિપછાત જાતિ તરીકે માન્ય ગણી તે પ્રમાણે વિશેષ સવલતો આપવામાં આવે તે બાબતને અનુલક્ષીને પ્રસ્તુત બાબતમાં કાળજીભરી વિચારણા કરીને નીચે પ્રમાણેની જાતિઓને અનુસુચિત જાતિની,અતિપછાત જાતિઓ તરીકે માન્ય રાખવાનું આથી ઠરાવવામા આવે છે.

(પા.ક.ઉ.)

(૧) અનુસુચિત જાતિના બાવા વણકર સાધુ
(૨) વાલ્મિકી , ભંગી,મહેતર,ઓળગણા,રુખી,મલકાણા,હલાલખોર , લાલબેગી, કોરાર, ઝાડમલ્લી,
(૩)ગરો,ગરોડા,
(૪) નાડીયા, હાડી, સેનવા, શેનવા, ચેનવા, સેડમા, રાવત, સેનમા,
(૫) તુરી
(૬) તુરી–બારોટ, ઢેડ બારોટ
(૭) તીરગર તિરબંદા,
(૮) થોરી,
(૯) માતંગ

૨. આમ કરવાથી ભારત સરકારે બહાર પાડેલ ગુજરાતને લગતી આનુસુચિત - જાતિની યાદીમાં નવી જાતિ કે પેટાજુથોનો ઉમેરો કરવાનો થતો નથી.

૩. આ જાતિના ઈસમોને અતિપછાત અનુસુચિત જાતિનુ પ્રમાણપત્ર મળે તે પ્રમાણે જરુરી કાર્યવાહી કરવા સંબંધિત સર્વેને સુચના આપવા નિયામકશ્રી,અનુસુચિત જાતિ - કલ્યાણને આથી જણાવવામા આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નામદેવ વસૉત)
સયુકત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
માન.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી ,માન.મુખ્ય મંત્રીશ્રીનુ કાર્યાલય,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી,(સામાજિક ન્યાય અને અધિકારીતા)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
માન.વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
સર્વે માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સચિવશ્રીના રહસ્ય - સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો(તેમના નિયત્રણ હેઠળના ખાતાના વડાઓ,કેચરીઓના વડાઓ,બોર્ડ કોર્પો.યુનિ.વગેરેને જરુરી કાર્યવાહી,જાણ કરવાની વિનંતી સહ.
કાયદા વિભાગ સચિવાલય, ગાંધીનગર.
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
રજીસ્ટ્રારશ્રી નામ.ગુજરાત હાઈકોર્ટ અમદાવાદ
સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ અમદાવાદ
સચિવશ્રી ગુજરાત વિધાનસભા,સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
સર્વે જીલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
નિયામકશ્રી,અનુસુચિત જાતિ કલ્યાણ,ગુજરાત રાજય,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની તમામ ખાતાની વડી કચેરીઓ, બોર્ડ,નિગમ.
સર્વે જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે તકેદારી અધિકારીશ્રીઓ.રાજકોટ/અમદાવાદ/વડોદરા)
સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(પંચાયત)
સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.
સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ.
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની સર્વે શાખાઓ.
સિલેકટ ફાઈલ.(હ શાખા)

એચકેસીપેજ૧૯૨